બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૧/૦૧/૨૦૧૯

વંચાણે લીધો:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ

## પ્રસ્તાવના

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવામાં આવેલ છે, જેમાં બિનઅનામત વર્ગની જાતિઓની યાદી, પરિશિષ્ટ-ચ માં કુલ 69 જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો સિવાયના વર્ગોનો સમાવેશ બિનઅનામત વર્ગોમાં થશે તેમ ઠરાવેલ છે. જો કોઈ જાતિનો ઉલ્લેખ પરિશિષ્ટ-ચ માં ન થયો હોય પરંતુ આવી જાતિ, જૂથ કે સમૂહનો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગોમાં સમાવિષ્ટ ન હોય તો તેવી જાતિનો બિનઅનામત વર્ગમાં સમાવેશ કરવા તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે, તેમ પણ ઠરાવેલ છે.

બિનઅનામત વર્ગની જાતિઓની યાદી, પરિશિષ્ટ-ચ માં સમાવેશ થયેલ ન હોય એવી જાતિઓની સંસ્થાઓ/આગેવાનો/સમૂહો દ્વારા તેઓની જાતિ/સમૂહનો બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ કરવા રજૂઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ બિનઅનામત વર્ગની જાતિઓની યાદી, પરિશિષ્ટ-ચ માં સમાવેશ થયેલ ન હોય એવી બિનઅનામત વર્ગની જાતિઓનો પરિશિષ્ટ-ચ માં સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

1. પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવના પરિશિષ્ટ-ચ માં દર્શાવેલ બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં નીચે મુજબની જાતિઓનો/પર્યાયવાચી શબ્દોનો સમાવેશ કરવામાં આવે છે.

   (1) પરિશિષ્ટ-ચ માં A-બિનઅનામત હિન્દુ જાતિઓમાં નીચે મુજબના પર્યાયવાચી શબ્દો/નવી જાતિઓ ઉમેરવામાં આવે છે.

   13-A. રાજપૂત ગરાસિયા, ગરાસિયા, હિન્દુ દરબાર (જે SEBC/OBC માં ન હોય તે)

42-A. ભાનુશાળી, ભાનુશાલી, કચ્છી ભાનુશાલી, સિંધી ભાનુશાલી, હાલારી ભાનુશાળી

42-B. કંસારા

42-C. મોઢ પટેલ (જે SEBC/OBC માં ન હોય તે)

42-D. ખમાર

42-E. કંદોઇ, સુખડીયા (જે SEBC/OBC માં ન હોય તે)

(2) પરિશિષ્ટ-ચ માં B-બિનઅનામત મુસ્લિમ જાતિઓમાં નીચે મુજબના પર્યાયવાચી શબ્દો/નવી જાતિઓ ઉમેરવામાં આવે છે.

55-A. મલેક (જે SEBC/OBC માં ન હોય તે)

66-A. રંગરેજ, લીલગર (મુસ્લિમ)

66-B. નાગોરી લુહાર (મુસ્લિમ)

2. તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવના પરિશિષ્ટ-ચ માં અને આ સુધારા ઠરાવથી ગુજરાતની તમામ બિનઅનામત જાતિઓનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે છતાં પણ બનવાજોગ છે કે કોઇ બિનઅનામત જાતિનો પરિશિષ્ટ-ચ માં સમાવેશ કરવાનો રહી ગયો હોય તે સંજોગોમાં આવી બાકી રહી ગયેલ જાતિઓને બિનઅનામત વર્ગના લાભો મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે જો આવી રહી ગયેલી જાતિઓનો સમાવેશ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગોમાં થયેલ ન હોય તો આવી જાતિના ઉમેદવારો/અરજદારોને બિનઅનામત વર્ગમાં ગણી સક્ષમ સત્તાધિકારીઓ (Competent authorities) દ્વારા ચોકસાઇ કરીને બિનઅનામત વર્ગ/જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

3. તા.૦૬/૧૨/૨૦૧૮ ના ઠરાવના પરિશિષ્ટ-ખ માં અનુસૂચિત જન જાતિઓની યાદી સંબંધિત સૌની જાણકારી અને તૈયાર સંદર્ભ (Ready Reference) માટે આપવામાં આવેલ છે. આ યાદીના અ.નં. ૨ સામે "બાવચા, બામ્ચા" જાતિ દર્શાવવામાં આવેલ છે, જેને "બાવચા, બામચા" વાંચવાનું રહેશે.

4. બિનઅનામત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવા સારૂ
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવા સારૂ
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવા સારૂ
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવા સારૂ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવા સારૂ)
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવા સારૂ.
- મુખ્ય નોડલ અધિકારી (ફેસબુક એકાઉન્ટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (એ.ટી.વી.ટી.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. તેઓ હસ્તકના એ.ટી.વી.ટી. સેન્ટરોના NIC સોફ્ટવેરમાં ઠરાવ્યા મુજબની જાતિઓ સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર. ઠરાવ્યા મુજબની જાતિઓ NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

---

*પત્ર દ્વારા